# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 17-10-2025** **Evening : 7.10 to 7.20 pm**

**Day : Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **યશ્વી મહેતા** વાંચે છે.

---

1. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી સહિત 21 મંત્રીઓને પદ અને ગોપનીયતાના શપથ લેવડાવ્યા
2. ગાંધીનગરમાં નવા મંત્રીમંડળની પહેલી બેઠક યોજાઇ - તમામ મંત્રીઓ આવતીકાલે પોતાનો પદભાર સંભાળશે
3. નવા મંત્રીમંડળમા સામેલ થયેલા સભ્યોના સમર્થકોએ રાજ્યભરમાં ઉજવણી કરી.
4. આગામી સાત દિવસ રાજ્યમાં વરસાદની આગાહી
5. નડિયાદનાં ખેલાડી કાજલ વાજાએ ઓડિશામાં યોજાયેલી જૂનિયર નૅશનલ ઍથ્લેટિક્સ સ્પર્ધામાં બે ચંદ્રક જીત્યા

-------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# GNR NEW CABINET

**ગાંધીનગરમાં મહાત્મા મંદિર ખાતે આજે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વના મંત્રીમંડળમાં સામેલ નાયબ મુખ્યમંત્રી અને મંત્રીઓને શપથવિધિ યોજાઈ. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતની વિશેષ ઉપસ્થિતિમાં યોજાયેલા આ સમારોહમાં હર્ષ સંઘવીએ નાયબ મુખ્યમંત્રી સહિત 21 મંત્રીએ પદ અને ગોપનીયતાના શપથ લીધા.**

(HARSH SANGHAVI SHAPATH BYTE)

**કૅબિનેટ મંત્રી કનુ દેસાઈ, ઋષિકેશ પટેલ અને કુંવરજી બાવળિયા અને રાજ્યકક્ષાના મંત્રી પરષોત્તમ સોલંકીને મંત્રીમંડળમાં યથાવત્ રખાયા છે. આ સાથે મુખ્યમંત્રી સાથે સરકારના મંત્રીઓની કુલ સંખ્યા 26 થઇ છે.**

**(વૉઈસકાસ્ટ – પ્રવેશ અડિએચા)**

(.....મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વના મંત્રીમંડળમાં હર્ષ સંઘવીએ નાયબ મુખ્યમંત્રી તરીકે શપથ લીધા. જ્યારે ભાવનગર પશ્ચિમના ધારાસભ્ય જિતેન્દ્ર વાઘાણી, ગણદેવીના ધારાસભ્ય નરેશ પટેલ, પોરબંદરના ધારાસભ્ય અર્જુન મોઢવાડિયા, કોડીનારનાં ધારાસભ્ય ડૉક્ટર પ્રદ્યુમન વાજા અને બોરસદના ધારાસભ્ય રમણ સોલંકીએ કૅબિનેટ મંત્રી તરીકે શપથ લીધા. જ્યારે અંકલેશ્વરના ધારાસભ્ય ઈશ્વરસિંહ પટેલ, સુરતના ધારાસભ્ય પ્રફૂલ પાનશેરિયા અને વડોદરાનાં ધારાસભ્ય ડૉક્ટર મનીષા વકીલે સ્વતંત્ર હવાલો ધરાવતાં રાજ્યકક્ષાનાં મંત્રી તરીકે શપથગ્રહણ કર્યાં.

ઉપરાંત મોરબીના કાંતિલાલ અમૃતિયા, ફતેપુરાના ધારાસભ્ય રમેશ કટારા, અસારવાનાં ધારાસભ્ય દર્શના વાઘેલા, અમરેલીના કૌશિક વેકરિયા, ડીસાના પ્રવિણકુમાર માળી, નિઝરના ધારાસભ્ય ડૉક્ટર જયરામ ગામિત, અંજારના ધારાસભ્ય ત્રિકમ છાંગા, પેટલાદના ધારાસભ્ય કમલેશ પટેલ, મહુધાના ધારાસભ્ય સંજય મહિડા, અરવલ્લીના પૂનમચંદ બરંડા, વાવના ધારાસભ્ય સ્વરૂપજી ઠાકોર અને જામનગરનાં ધારાસભ્ય રિવાબા જાડેજાએ રાજ્યકક્ષાનાં મંત્રી તરીકે શપથ લીધા હતા.

પ્રવેશ અડિએચા, આકાશવાણી સમાચાર, અમદાવાદ.)

-------------

# REACTION

ગાંધીનગરમાં નવા મંત્રીમંડળની શપથવિધિમાં ઉપસ્થિત રહેલા કેન્દ્રિય જળશક્તિમંત્રીએ પ્રતિક્રિયા આપતાં કહ્યું, આ મંત્રીમંડળમાં યુવાનોને તેમજ મહિલાઓને સ્થાન અપાયું છે.

(બાઇટ- સી.આર.પાટીલ, કેન્દ્રીય જળશક્તિ મંત્રી)

કેબિનેટ મંત્રી તરીકે શપથ લેનારા બોરસદના રમણ સોલંકીએ પણ પોતાની પ્રતિક્રિયા આપી હતી.

(બાઇટ- રમણ સોલંકી, કેબિનેટ મંત્રી)

-------------

# JP NADDA

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અને કેન્દ્રીય મંત્રી જે. પી. નડ્ડાએ આજે ગાંધીનગરમાં રાજ્ય સરકારના નવનિયુક્ત મંત્રીઓ સહિત મંત્રીમંડળ સાથે મુલાકાત કરી. આ પ્રસંગે પૂર્વ રાજ્યપાલ અને પૂર્વ પ્રદેશ અધ્યક્ષ વજુભાઈ વાળા, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી અને ગુજરાત ભાજપના પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા ઉપસ્થિત રહ્યા હતા.

-------------

# KHATA NI VAHENCHANI

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના મંત્રીમંડળના વિસ્તરણ બાદ આજે ગાંધીનગરમાં મુખ્ય મંત્રીની અધ્યક્ષતામાં યોજાયેલી મંત્રીમંડળની બેઠકમાં નવા મંત્રીઓને ખાતાની વહેંચણી કરવામાં આવી છે. તમામ મંત્રીઓ આવતીકાલે ધનતેરસના દિવસે પોતાનો પદભાર સંભાળશે. જો કે સત્તાવાર જાહેરાતની હજુ રાહ જોવાઇ રહી છે.

-------------

# MANTRIMANDAL - CELEBRATION

રાજ્ય સરકારના મંત્રીમંડળના વિસ્તરણમાં સુરતના હર્ષ સંઘવીને નાયબ મુખ્યમંત્રી તરીકે સ્થાન મળતાં સુરતના લોકોમાં આનંદની લાગણી જોવા મળી રહી છે.

અમરેલીના ધારાસભ્ય  કૌશિક વેકરીયાનો મંત્રીમંડળમાં સમાવેશ થતા અમરેલીમાં ભાજપના કાર્યકર્તાઓએ તેમના વતન દેવરાજીયા ગામમાં ફટાકડા ફોડી અને મીઠાઇ વહેંચી ઉજવણી કરી.

પોરબંદરના ધારાસભ્ય અર્જુન મોઢવાડિયાને આજે ગુજરાત સરકારમાં કેબિનેટ મંત્રીનું પદ મળતાં પોરબંદર જિલ્લા ભાજપે ફટાકડા ફોડી ઉજવણી કરી. આ અંગે પૂર્વ ધારાસભ્ય બાબુ બોખીરિયાએ વધુ માહિતી આપી.

(બાઇટ : બાબુભાઇ બોખીરિયા પૂર્વ ધારાસભ્ય )

ડીસાના ધારાસભ્ય પ્રવીણ માળી અને વાવ થરાદ જિલ્લાના વાવના ધારાસભ્ય સ્વરૂપજી ઠાકોરનો મંત્રીમંડળમાં સમાવેશ થતા ડીસા અને વાવ સુઈગામ ભાભર વિસ્તારના કાર્યકરોમાં આનંદ જોવા મળ્યો.

ગણદેવીના ધારાસભ્ય નરેશ પટેલને મંત્રીમંડળમાં સ્થાન મળતા ગણદેવી ચાર રસ્તા પર ભાજપના કાર્યકર્તાઓએ ફટાકડા ફોડીને અને ઉજવણી કરીને તેમની પસંદગીને વધાવી લીધી.

ગીર સોમનાથના કોડીનારના ધારાસભ્ય ડૉ. પ્રદ્યુમ્ન વાજાને કેબિનેટ મંત્રી તરીકે નિયુક્ત કરાતા કોડીનાર પંથક સહિત સમગ્ર ગીર સોમનાથ જિલ્લામાં, ભાજપ કાર્યકર્તાઓ સહિત સ્થાનિકોમાં આનંદ છવાયો.

-------------

# DARSHNA VAGHELA BYTE STORY

રાજ્ય મંત્રીમંડળના સભ્ય તરીકે શપથ લીધા બાદ મંત્રી દર્શના વાઘેલાનું અસારવા વિધાનસભા મતવિસ્તારમાં ભવ્ય સ્વાગત કરાયું. તેમણે સંપૂર્ણ સમર્પણ સાથે કામ કરવા જણાવ્યું.

( બાઇટ : દર્શના વાઘેલા )

-------------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે

અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

.....................................

# GST REFORMS

ભાવનગરના એક સિમેન્ટ વેપારીએ જીએસટીમાં કરાયેલા ફેરફારની રીફોર્મ્સ નેક્સ્ટ જેન જીએસટીની પ્રશંસા કરી. જીએસટીના નવા લાગુ થયેલ દરમાં સિમેન્ટ ક્ષેત્રમાં દર 28 ટકાથી ઘટાડીને 18 ટકા કરાતા લાભ થયો છે. આ અંગે સિમેંટના વેપારી એ વધુ પ્રતિક્રિયા આપી હતી .

( બાઇટ : સિમેન્ટ વેપારી )

-------------

# WEATHER FORECAST EVE.

હવામાન ખાતાએ આગામી સાત દિવસ રાજ્યમાં વરસાદની આગાહી કરી છે. આ સમયગાળા દરમિયાન મહત્તમ અને લઘુત્તમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર નહીં થાય. જ્યારે 20થી 22 તારીખ સુધી દક્ષિણ ગુજરાતમાં છૂટાછવાયા સ્થળ પર હળવાથી મધ્યમ વરસાદની શક્યતા હોવાનું હવામાન ખાતાના નિયામક ડૉક્ટર એ. કે. દાસે જણાવ્યું.

-------------

# KHEDA KHILADI GOLD MEDAL

ખેડાના નડિયાદનાં ખેલાડી કાજલ વાજાએ જૂનિયર નેશનલ એથ્લેટિક્સ સ્પર્ધામાં બે ચંદ્રક જીત્યા છે. ઓડિશાના ભુવનેશ્વર ખાતે યોજાયેલી સ્પર્ધામાં આ ખેલાડીએ 100 મીટર દોડમાં રજત અને 200 મીટર દોડમાં કાંસ્ય ચંદ્રક જીત્યો છે.

ગુજરાત રમતગમત સત્તામંડળે સોશિયલ મીડિયા પર આ અંગે માહિતી આપતા નડિયાદ અકાદમીનાં ખેલાડી કાજલ વાજાને અભિનંદન પાઠવ્યાં છે. તેમજ આગામી સમયમાં પણ ખેલાડી રાજ્યનું નામ રોશન કરતાં રહે તેવી શુભેચ્છાઓ પણ પાઠવી.

-------------

# AMTS FREE SERVICE

અમદાવાદમાં ચાલતી અમદાવાદ મહાનગર પરિવહન સેવા-AMTSમાં લોકો આવતીકાલથી 20 ઓક્ટોબર ત્રણ દિવસ નિઃશુલ્ક મુસાફરી કરી શકશે. દિવાળીના તહેવારને ધ્યાનમાં રાખી અને સ્વદેશી ઝૂંબેશ હેઠળ ખરીદીને પ્રોત્સાહન આપવા આ જાહેરાત કરવામાં આવી છે.

. . . . . . . . . . . . .

# DANG – VAGHBARAS

ડાંગ પ્રદેશમાં વાઘને જીવતા દેવ તરીકે પૂજવામાં આવે છે. આજે વાઘબારસના દિવસે વાઘદેવને રીઝવવા માટે તેની પુજા અર્ચના કરી ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રદેશમાં ખેતી અને પશુપાલન ક્ષેત્રે સંકળાયેલા આદિવાસી સમાજ જંગલી પશુઓથી માનવ સમુદાય તેમજ પાલતુ જાનવરના રક્ષણ માટે વાઘદેવને પૂજવાનો તહેવાર આદિવાસી સમાજ માટે મહત્વનું પર્વ બની રહે છે. આ ઉજવણીમાં પરંપરાગત રીતે વન ઔષધિ પાલતુ પશુ પર છાંટવામાં આવે છે.

-------------

# DHANVANTARI PUJA

રાજ્યના નાગરિકોના દિર્ઘાયુ માટે ડૉક્ટર સેલ દ્વારા તમામ જિલ્લા અને મહાનગરના કાર્યાલય ખાતે આવતીકાલે ભગવાન ધન્વંતરિની પૂજા-અર્ચના કરાશે. ધન્વંતરિ જયંતી નિમિત્તે આયોજિત આ કાર્યક્રમ બપોરે ત્રણ-થી પાંચ વાગ્યા સુધી યોજાશે.

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ ડૉક્ટર સેલના સંયોજક ડૉક્ટર ધર્મેન્દ્ર ગજ્જરે અખબારી યાદીમાં જણાવ્યું કે, આ કાર્યક્રમમાં ચૂંટાયેલા પ્રતિનિધિઓ, સંગઠનના વિવિધ હોદ્દેદારો અને મહાનુભાવો ભગવાન ધન્વંતરિની પૂજા-અર્ચના કરશે.

-------------

# AHMEDABAD AIRPORT

દિવાળીના તહેવારને ધ્યાને રાખી અમદાવાદ વિમાનમથક પર મુસાફરોને વહેલા પહોંચવા અપીલ કરવામાં આવી છે. અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ આંતર-રાષ્ટ્રીય વિમાનમથક સત્તામંડળ દ્વારા જણાવાયું છે કે, દિવાળીના તહેવારમાં મુસાફરોની સંખ્યાને જોતા સુરક્ષા તપાસ અને અન્ય પ્રક્રિયામાં સામાન્ય કરતા વધુ સમય લાગી શકે છે. તેથી મુસાફરોને વહેલા પહોંચવા અનુરોધ કરાયો છે.

-------------